સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કરો સામનો, રહો ના સરકારી મદાર પર,
ચાલવું પડશે હવે તલવારની ધાર પર!
પૈંધી ગયાં છે અહીં ચેપી રોગો, આંધી ને તોફાન -
કરો પ્રાર્થના ! પ્રભુ - તું જ કોરોનાથી પાર કર !
(તાળાબંધીનો છેલ્લો દિવસ)

હાઈકુ

પાડો આદત!
જીંદગી ગુજારવા -
કોરોના સાથે...
(દાંપત્ય જીવન જેમ)

આવે ને જાય -
આફતો ને બિમારી,
એ જિંદગી!
(હસતાં, જીવતાં શીખો)

ચિંતન

જે ઈહ આપં ભણિસ્સિયા આયદંડ અગંતલૂસગા ।
ગંતા તે પાવલોકં ચિરરાંય આસુરિયં દિસં ॥

ઉપરોક્ત શ્લોક શાંતિસૌરભમાંથી લેવામાં આવેલ છે.

જે હિંસામાં આસક્ત છે. પાપમાં પરાયણ છે તે જીવો આત્માને દંડવાળા અને પાપને પોષવાવાળા છે. આવા જીવો મરીને અધમ લોકમાં ફરી ઉત્પન્ન થાય છે.

હિંસા અકૃત્ય છે. આટલી વિચારણા બેસી જાય તો પાપનો ડર લાગ્યા વિના રહે નહિ.

આજે દર્દો કેમ વધ્યાં ? માણસ જાત વધુને વધુ પીડાઈ, પીસાઈ રહી છે એનું મૂળ કારણ શું ? વિચારવા જશો તો સ્પષ્ટ શબ્દોમાં સમજાઈ જાય છે કે જેટલી જીવ હિંસા હું કરું છું - એ જીવોની હાય મેળવું છું. એટલી જ હતાશા મારા જીવનમાં વ્યાપ્ત બની જાય છે. એ વાત ભૂલવા જેવી નથી. હિંસા કરનાર હંમેશા ક્રોધની આગમાં ભભૂકતો જ રહે છે. મનમાં જે અશુભ પરિણામ છે તે જ હિંસા છે.

હિંસાથી જે વિરત થયો નથી જેના મનમાં પ્રાણીઓના પ્રાણ લૂંટવાની ઈચ્છા છે. આવો જીવ હિંસક બને અને પ્રમાદાચરણથી પ્રાણ વધ કરતો હોય છે. પ્રાણીઓનો પ્રાણ એના માટે અતિકિંમતી છે આવી કિંમત ચીજ ચોરી લેવી તે મહાપાપ જ છે.

સુવિચાર

- તમને જે જોઈએ છે તે નથી મળતું તે વખતે જે મળે છે તેનું નામ 'અનુભવ' - **જીવન પાથેય**
- દેશને એવા નેતૃત્વની જરૂર છે કેજે દેશવાસીઓની જરૂરિયાત શું છે તે જાણતા હોય - **માર્ટીન લ્યુથર કિંગ જુનિયર**
- આપની સફળતા તમારી ઈચ્છા શક્તિ, સપના અને નિષ્ફળતાનો સામનો કરવાની ક્ષમતા ઉપર નિર્ભર હોય છે - **રોહિત શાહ**
- કયારેય પણ પરિસ્થિતિ આપણી નિષ્ફળતા માટે જવાબદાર હોતી નથી - **ડેવિડ ગાર્ડનર**
- આપણેને જે મળે છે તેનાથી જીવન ગુજારો કરી શકીએ છીએ પણ જે આપીએ છીએ તેનાથી જીવન બને છે - **એસ. ભટ્ટાચાર્ય**
- અપરાધીઓને સજા કરવાને બદલે અપરાધ રોકવાની બાબત પર ભાર મૂકવો વધારે જરૂરી છે - **મનહર મોદી**
- આજનું ઔષધ : સૂકાયેલી સંતરાની છાલનો પાઉડર અને મીઠું સમપ્રમાણમાં લઈ આંગળીથી દાંતે ઘસવાથી દાંતની પીળાશ દૂર થાય છે તેમજ મોં સાફ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

એક શ્રીમંત વૃદ્ધા ફાઈવ સ્ટાર ક્રુઝમાં સાવ એકલા લટાર મારી આનંદમાં મોજ માણી રહ્યો હતો. ક્રુઝની દરેક સગવડો જેમ કે સ્વીમીંગ પુલ, રેસ્ટોરંટ, ટેબલ ટેનિસ રુમમાં આત્મવિશ્વાસ સાથે ફરી રહ્યા હતા. એમની આ મસ્તી જોઈને કોઈએ ક્રુઝના સ્ટાફને પૂછયું પણ ખરું, 'કે આ કોઈ વીઆઈપી મહેમાન લાગે છે?' સ્ટાફે જવાબમાં કહ્યું, 'આ મેડમ અમારા વિશેષ મહેમાન છે. તેમની અમારી સાથે આ ત્રીજીવારની ટ્રીપ છે. તેઓ કાયમ એકલા જ ફરે છે.' રાત્રે ડીનર બાદ પેલા વૃદ્ધાને મળવ પાંચ-દસ અન્ય યાત્રીઓ ગયા અને પુછયું, 'તમે ખૂબ શ્રીમંત અને ક્રુઝમાં ફરવાના શોખીન લાગો છો ? આપ કાયમ આનંદિત રહી શકો છો. તો અને આ રહસ્ય જણાવો.' વૃદ્ધાએ જવાબમાં કહ્યું, 'હું કંઈ એટલી બધી શ્રીમંત નથી. પણ મનની પૈસા વાપરી શકું એટલી બચક છે મારી પાસે. મારા પતિ ગુજરી ગયા છે. બાળકો છે નહિ. એટલે હું એકલી છું. જો હું કોઈ સારા કેરટેકીંગમાં કે વૃદ્ધાશ્રમમાં રહું કે માંદી પડું તો નર્સિંગ હોમમાં હું ત્યાં પણ પૈસા તો ખર્ચાય જ ને,અને આટલી સરસ સગવડો ન મળે. ન આટલો આદર મળે. અહીં સ્વાદિષ્ઠ ભોજન... ભરપૂર મનોરંજન... નવાં નવા લોકોને મળવાનું થાય.... આનંદ મળે... વૃદ્ધાશ્રમમાં તો ચાર દિવાલોમાં રહેવું પડે એન જીવનથી હારેલા થાકેલા લોકો સાથે દુઃખડા રોવાનું મને પસંદ નથી. અહીં મજા છે. મને આ ક્રુઝવાળા સ્પેશિયલ ડીસ્કાઉંટ આપે છે. વળી ઉંમરને કારણે માંદા પડાય તો અહીં ડૉકટર પણ હાજર જ છે. અને આનંદમાં રહેવાથી હું માંદી પડતી નથી મારી જિંદગીના છેલ્લા દિવસો માટે વૃદ્ધાશ્રમમાં નથી ગુજારવા પણ ક્રુઝમાં ખુલ્લા આકાશ નીચે માણવા છે.' સૌ સહ યાત્રીઓએ વૃદ્ધાની ગણતરી અને અનોખા વિચારોને તાળીથી વધાવી લીધા.

ટ્રમ્પ ઘાંઘા થઈ આંધળૂકિયાં કરી રહ્યા છે

તંત્રીસ્થાનેથી...

આખરે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વ આરોગ્ય સંસ્થા સાથેના તમામ સંબંધોનો અંત આણી જ દીધો. એમણે વારંવાર આ મુદ્દે ધમકી આપી હતી પરંતુ તેઓ આવું પગલું ખરેખર ભરશે એવું નહોતું લાગતું. ચીનના અલ્પ સહયોગ અને અમેરિકાના જંગી સહયોગ છતાં આ સંસ્થા ચીનની કહ્યાગરી બની ગઈ હોવાનો આક્ષેપ આ આત્યંતિક નિર્ણયમાં પરિણમ્યો છે. ચીને છેલ્લાં વર્ષોમાં આર્થિક ક્ષેત્રે મોટું કાઠું કાઢ્યું છે. આખી દુનિયાને એણે પોતાના વિશાલ માર્કેટમાં ફેરવી દીધી છે. આ વાત સ્વાભાવિક રીતે જ દિવસે દિવસે નબળા પડી રહેલા વૈશ્વિક જમાદારને ખૂંચતી હતી. અમેરિકા સામે રશિયાએ શિંગડાં ભરાવ્યાં અને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે અમેરિકાને પાછળ પાડી દીધું તે પછી નિરંતર ચાલતી 'મહાસત્તા'ની સાઠમારીમાં અમેરિકાએ 'યુનિયન'ના વિદ્રોહી મુલકોને પ્રોત્સાહિત કરી યુએસએઆરના ટુકડા કરી નાખ્યા હતા.. સોવિયેટ રિપબ્લિકમાંથી ઉઝબેકિસ્તાન જેવા દેશો સ્વતંત્ર થતાં રશિયા બૅકફૂટ પર આવી ગયું હતું. રૂપલ પાણીના મૂલે વેચાતો થઈ ગયો હતો. પુનિતે કમાન સંભાળ્યા પછી રશિયા ફરી એક વાર સધ્ધર થઈ ગયું છે. પરંતુ અમેરિકા સાથેનું એનું શીત યુદ્ધ તો ચાલું જ રહ્યું છે. અનેક મુદ્દે રશિયા અમેરિકાની હા માં હા નથી પુરાવતું બલકે સિરિયાના યુદ્ધમાં તો એણે રીતસર અમેરિકાથી તદ્દન વિરુદ્ધનું વર્તન દાખવી પોતાના વજૂદનો અહેસાસ કરાવ્યો હતો તે સર્વવિદિત છે. રશિયાને વેરણછેરણ કર્યા પછી એનો જ પાડોશી ગરીબીમાં સબડતો દુનિયાની સૌથી વધારે વસતિ ધરાવતો દેશ અમેરિકા સામે આંખો બતાવતો થઈ જશે એવું તો કોઈને સ્વપ્ને પણ નહીં કલ્પ્યું હોય. પરંતુ છેલ્લા દાયકાઓ દરમિયાન ચીનની અકલ્પનીય પ્રગતિ જોતાં હવે વિશ્વ આરોગ્ય સંસ્થાને પણ ભવિષ્યની સર્વોચ્ચ મહાસત્તા સાથે મધુર સંબંધો સ્થાપવાની ગરજ ઊભી થઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પ માટે અમેરિકાની સર્વોપરિતાને પડકારનાર ચીન સામે બખાળા કાઢવા એ ઈલેકશન સ્ટ્રેટેજી છે એમણે ચીનને ઉઈગુર મુસ્લિમો પ્રત્યેના ક્રૂર વ્યવહાર સબબ પણ ખુલ્લું પાડ્યું છે અને અમેરિકાની ધર્મનિરપેક્ષતા જડબેસલાક હોવાની પ્રતીતિ કરાવી છે. હોંગકોંગ સંબંધે ચીને પસાર કરેલ નિયંત્રણોને પણ એમને વખોડી કાઢ્યાં છે. ચીન અમેરિકાની પ્રચંડ સૈન્ય શક્તિ સામે સીધો પડકાર આપવાં કરતાં કુનેહપૂર્વક લુચ્ચાઈથી આગળ વધી રહ્યું છે. એનું છેલ્લું ઉદાહરણ ચીન અને ભારત વચ્ચે મેકમોહન રેખા પર થયેલ વિવાદનો ઉકેલ આણવા સામે ચાલીને વણનોતરી મધ્યસ્થી કરવાની ઑફરનો ચીને વાળેલો જવાબ છે. ચીને ભારત સાથેનો સીમાવિવાદ ઉકેલવા બેઉ દેશોના ડાહ્યા માણસો સક્ષમ છે એવો જવાબ આપ્યો અને ભારતે પણ એવી જ ભાષામાં ટ્રમ્પની મધ્યસ્થી નકારી હતી. તેમ છતાં ટ્રમ્પ એમની વાતને સતત વળગી રહે છે. તે એમની રાજકીય નાલેશી જ લેખાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ટ્રમ્પ એમની ઉતાવળી અને નાદાનિયતભરી વેખરીથી મુશ્કેલીમાં મૂકતા રહે છે. અગાઉ કાશ્મીર મુદ્દે અને હવે લડાખ-સિક્કિમની સરહદે થયેલ વિવાદ મુદ્દે પોતે મોદી સાથે વાત કરી ચૂક્યા હોવાનું કહેતા ટ્રમ્પ વારંવાર રિપીટ કરતાં રહી ખુદ એમના જ મતદારોમાં હાંસીપાત્ર બની રહ્યા છે. કોરોના મુદ્દે પણ એમના પળેપળ બદલાતા અભિગમ સામે ડેમોક્રેટ નેતા અને આગામી ચૂંટણીમાં એમનાં સંભવિત હરીફ બિડેનનાં સંતુલિત વિધાનો અમેરિકન મતદાતાને પ્રભાવિત કરે તે સ્વાભાવિક છે.

સાચો મારગ શોધવાનો મોકો મળ્યો છે!

આરપાર

રાઘવજી માધડ

વિશ્વ વિખ્યાત વિચારક ડી.એચ. લોરેન્સને એક વખત કહ્યું હતું: 'જો માણસને બચાવવો હોય તો સ્કુલ,કોલેજ,યુનિવર્સિટી...સો વરસ માટે બંધ કરી દો.'આ સાંભળી લોકોને થયું કે મઝાક કરી રહ્યા છે.સાચું જે હોય તે...પણ આપણે આ મઝાકની મધ્યમાં આવીને ઊભા છીએ,વકરી ને વિફરી રહેલી મહામારી વચ્ચે શિક્ષણ સંસ્થાઓ ક્યારે શરુ કરવી જોઈએ...અતિ નાજુક મુદ્દા પર ઘનિષ્ઠ વિચારણાનો સમય પાકી ગયો છે.જાન હૈ તો જહાન હૈ...એવું કહીએ છીએ અને ઘરમાં રહો,સુરક્ષિત રહો...નું લાલન-પાલન રહ્યા છીએ ત્યારે, પાલ્યને સ્કુલે મોકલવો કે નહીં...આ સૌ કોઈ માટે આજે ચિંતાનો વિષય બની ગયો છે.

હાલ ઓનલાઈન એજ્યુકેશનની બોલબાલાને બહબહાટી બોલે છે.સત્ર શરુ થઈ ગયું હોય એવું લાગે છે.ઘણાં વાલીઓ ખુશ છે...પણ આ વૈકલ્પિક વ્યવસ્થા કહી શકાય,કાયમી ઉપાય નથી.કાશ્મીરમાં કેસર કેરી અને ગીરમાં સફરજનની અપેક્ષા રાખી ન શકાય. ખેડ, ખાતર ને પાણી સાથે અનુકૂળ વાતાવરણ જોઈએ ! હા, કાર્ય કરે તેની ભૂલો તો થાય પણ ભૂલોને ગણવી કે અવગણવી તે નક્કી આપણે કરવાનું છે.

એક મિત્રેએ ફોનમાં કહ્યું:'દીકરીનું ગણિત કાચું છે તે નવરાશના સમયમાં પાકું કરાવું છું !'તો વળી અન્ય કોઈનો સૂર હતો:'બાળકોને દિવસભર એંગેજ રાખવા કાંઇક તો કરવું ને !'આવા ઘણાં ખોટા ખ્યાલો ઘર કરી ગયા છે.પણ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું ગણિત નબળું હતું.તેને સબળું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોતતો આપણે નોબેલ પારિતોષિક પ્રાપ્ત'ગીતાંજલિ'થી વંચિત રહ્યા હોત. શોધક થોમસ અલ્વા એડીસનને તેના હેડમાસ્તરે સ્કુલે આવવાની ના પાડી હતી.ગુજરાતમાં સ્કુલે ગયાં વગર શિક્ષિત થયાના ઉદાહરણ ઓછા નથી. શિક્ષણ સમજીએ એટલું સહેલું નથી.બાળકોને સ્કુલે મોકલી દેવાથી ભણી લેશે એ માનવું પણ ભૂલ ભરેલું છે. લોકડાઉનમાં બાળક સાથેનાં સતત સહવાસથી ઘણું સમજાઈ ગયું હશે !

એક અન્ય દેશનો વીડિયો જોયો.તેમાં આ મહામારી વચ્ચે સ્કૂલો શરુ થઈ છે. પણ સંક્રમણ ન થાય તે માટેની ઊડીને આંખે વળગે તેવી ખૂબ સારી વ્યવસ્થા દર્શાવાઈ છે.આપણે ત્યાં આવું શક્ય છે ખરું ? ગ્રામ વિસ્તારમાં, ક્યાંક તો પાયાની સુવિધાનાં પણ પ્રશ્નો છે...ત્યાં બાળકો ભેગાં થયાં પછીના પરિણામો જે આવે તે, કદાચ હયાત પેઢી માફ કરી ન શકે તેવા પણ હોય !

આ માટે તંત્ર ચિંતિત હોય તે સ્વાભાવિક છે. પણ રસોડામાં બેસી ભૂખ્યાં બાળકોને રોટલી પીરસતી મા માફક મીડિયાથી માહિતી આપે એવી રીતે પરોઠા પીરસી દેવાનો આ મુદ્દો નથી.વાલી, શિક્ષકો, કેળવણી કાર...વગેરેનો અભિપ્રાય અનિવાર્ય જણાય છે.આપણે આફત કે આપત્તિને અવસરમાં પલટાવી દેનાર છીએ,એવું કહીએ છીએ ત્યારે આ વસમો વખત પણ ધરબાઈ ગયેલા ખીલા જેવા શિક્ષણના ઢાંચાને ધર મૂળથી નહીતો ડાળી-પાંદડાઓથી પણ બદલવા માટે આવ્યો છે એવું સમજીએ તો જરાય ખોટું નથી.... લોરેન્સે જે કહ્યું તે...પણ આપણે તેમાં થોડું આઘાપાછું કરી,આ વરસ માટે તો શિક્ષણ માટે ચોક્કસ વિચારી શકીએ ! અને આ વિચારને 'વિકાસ' નું નામ આપવામાં આવે તો કોઈને હરકત ન હોઈ શકે ! અને ખરું કહો તો શિક્ષણની સડસડાટ ચાલી જતી ગાડીને સાચો મારગ શોધવાનો આ મોકો મળ્યો છે !

છેલ્લે :

આપણો અનુભવ ખોટા નિર્ણયોથી બચાવે છે અને ખોટા નિર્ણયો જ અનુભવ પણ આપે છે !

http://raghavjimadhad.blogspot.com

કોરોના : અમદાવાદ મહાવિનાશના દ્વારે ઊભું છે

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

હજીયે વિશ્વની બધી જ યુનિવર્સિટીઓના રીસર્ચ કહે છે કે ભારતમાં જૂન જુલાઈમાં કોરોના એની ચરમસીમાએ પહોંચશે. અને આમ થશે તો વિચારો... ગુજરાતની અને અમદાવાદની શું સ્થિતિ બનશે ? આ ૩૧, મે, ના રોજ ચોથું લોકડાઉન પૂર્ણ થશે, અન્ય દેશોની સરકાર કરતા ભારતીય સરકારે અત્યાર સુધી તો સારું જ કામ કર્યું છે. પણ જ્યાં જ્યાં પ્રજાની સ્વયમ શિસ્તની વાત આવે છે ત્યાં સરકાર પણ બિચારી શું કરે ? સરકાર તો લોકડાઉન રાખે તો ય વિરોધ અને ના રાખે તો ય વિરોધ.... કડક અમલ રાખે તો ય વિરોધ ને ઢીલ આપે તો ય વિરોધ... પણ મિત્રો... હવે ભૂમિકા આપણી ખૂદની છે. હવે આપણે ખૂદે સમજવું પડશે.

જો આવનારા બે મહિનાના મહાવિનાશથી બચવું હોય તો કોરોનાનું સંક્રમણ કોઈપણ સંજોગોમાં અટકાવવું પડે. અને એ માટે એક જ ઉપાય છે તા. ૧ જૂનથી ૩૦ જૂન સુધી સંપૂર્ણ લોકડાઉન. આપણે સૌ સ્વયંભૂ જૂન મહિનો આખો સંપૂર્ણ રીતે ઘરમાં જ રહીએ. અને આમે ય બહાર અત્યારે ગરમી પણ એની ચરમસીમાએ છે. ગરમી અને કોરોના બન્નેથી રક્ષણ મળશે. આ મહિનો નાના મોટા વેપારી મિત્રોએ પણ સમજવાની જરૂર છે. સરકારે ભલે છૂટ આપી હોય પણ જો તમે આ મહિનો દુકાન કે શૉરૂમ નહી ખોલો તો કદાચ બે પાંચ લાખનું આર્થિક નુકશાન જશે. એનાથી વધુ કાંઈ થવાનું નથી. પણ જો આ મહિનો દુકાન ખોલી ને એ આખા મહિનામાં કોઈ કોરોનાનો દર્દી આવી ગયો ને તમને સંક્રમિત કરી ગયો તો તમારા થકી તમારા પરિવારના સૌ કોઈને કોરોના લાગશે... આ બે પરિસ્થિતિમાંથી કંઈ સારી ? દુકાન ખોલવી કે ના ખોલવી ? એ તમે જ જાતે નક્કી કરશો. જો જીવતા હોઈશું તો ગમે તેટલું આર્થિક નુકશાન હશે, તેને તો ભરપાઈ કરી લેવાશે પણ જો આપણે જ ના રહ્યા તો ? આવો વિચાર પણ એકાદવાર કરી લેવો. જો એક મહિનો અમદાવાદ સંપૂર્ણ બંધ રહે, રસ્તા ઉપર માત્ર પોલીસ અને મેડિકલ સ્ટાફ સિવાય કોઈ નહી હોય તો જુલાઈથી કોરોનાના કેસ ઓછા થતા જશે. અને જુનમાં જેટલા સંક્રમિત હશે તે બધા જ બહાર આવી જશે. મિત્રો, બસ આ જુન મહિનો ચલાવી લો.... જીવનની આ સૌથી શ્રેષ્ઠ કસોટી છે એમ સમજીને ઘરમાં જ રહો. આ મહિનો શાકભાજી વિના, કેરી વિના કે નોકરી ધંધા વિના કે ચા પાણી કે પાન માવા વિના ચલાવી લો. આ એક મહિનો પૈસાનો મોહ મનમાંથી કાઢી નાખો. ગમે તેવી છૂટ મળે, દુકાન ખોલવાની જ નહી, મન મક્કમ કરો, તમે ને તમારો પરિવાર સુરક્ષિત રહેશો. એનાથી વિશેષ બીજું શું જોઈએ ?

મિત્રો, આપણે અગાઉના બધા જ લોકડાઉન સરખી રીતે પાળ્યા જ નથી. હવે સ્વયમ રીતે એકદમ કડક રીતે પાળીએ અને પરિવારને, અમદાવાદને, રાજ્યને અને દેશને મહાવિનાશમથી બચાવીએ. બાકી આ લોકડાઉનમાં આપવામાં આવેલી છૂટથી મોટાભાગના એવું સમજી બેઠા છે કે હવે બધુ નોર્મલ થઈ ગયું છે. પણ ના, આ છૂટ તો વ્યવસ્થાનો એક ભાગ છે. કોરોનાએ કોઈ છૂટ નથી આપી. તેથી જ આ આવતો એક મહિનો કટોકટીનો રહેશે. એક મહિનામાં વારંવાર બહાર જઈ, દુકાન ખોલી, કોરોનાની ઝપટમાં આવી સ્વર્ગવાસ થવું એના કરતા એક મહિનો ઘરવાસ થવું તે વધુ લાભદાયી છે.

છેલ્લા કેટલાક દિવસોની દેશની સ્થિતિ જોતા લાગે છે કે ક્યાંક વ્યવસ્થામાં ખૂબ મોટી ખામી સર્જાઈ છે. કે સરકાર ભૂલ કરી રહી છે કે સરકારની સલાહકાર સમિતિમાં કોઈ વિરોધપક્ષની વ્યક્તિ આવીને સરકારને ગેરમાર્ગે દોરી રહી છે ? કંઈક તો ગરબડ છે જ. કારણ કે દેશના તમામ શિક્ષિત લોકોને આશ્ચર્ય થાય છે કે જ્યારે કોરોનાનો મહવિસ્ફોટ થવાનો સમય આવ્યો ત્યારે જ ચોથા લોકડાઉનમાં આટલીબધી છૂટ શા માટે ? આ લોકડાઉન તો માત્ર નામનું જ રહી ગયું. દુનિયાને બતાવવા પુરતું. બાકી દેશમાં જે હૉટસ્પોટ શહેરો ને રાજ્યો છે ત્યાં તો બજારો ખૂલી ગયા છે. અને આપણા દેશની પ્રજા એટલીબધી સાહસિક છે કે મૃત્યુનો સહેજેય ભય રાખ્યા વિના પાન માવા, બીડી સિગારેટ કે શરાબની બોટલો લેવા નીકળી પડે છે ભીડમાં.

જો કે સત્ય એ પણ છે કે હવે આમાં સરકાર પણ શું કરે ? સરકારે તો પ્રજાનું રોજિંદુ જીવન અટકી ન પડે એટલે છૂટછાટ આપવી પડે પણ આ સ્થિતિને પ્રજાએ સમજવાની જરૂર છે. અને જો પ્રજા સમજતી નથી તો સરકારે કડક થઈને કર્ફ્યું નાખીને પણ પ્રજાને ઘરમાં પુરી સંક્રમણ થતું અટકાવવું જોઈએ. તો જ આ પ્રજાને મહાવિનાશમાંથી બચાવી શકાશે. નહિતર આખું અમદાવાદ અત્યારે મહાવિનાશના દ્વારે ઊભું છે. જો ૩૧, મે પછી બધુ ખૂલી ગયું અથવા આટલી જ છૂટ રહી અને પ્રજા ના સમજી તો એકલા અમદાવાદમાં જ મૃત્યુનો આંક પાંચ દસ લાખે પહોંચવાની સંભાવનાઓ છે. લોકોને શહેર છોડીને ભાગવું પડશે. કેમ કે હવે આ જુન મહિનામાં પ્રજા + સરકાર + કોરોના વચ્ચેનું મહાયુદ્ધ ખેલાશે. જો પ્રજા અને સરકાર એક થશે તો જ કોરોનાને હરાવી શકાશે. માટે આ જુન મહિનો સરકારે સૌથી વધુ કડક રીતે લોકડાઉન આપી એનો અમલ કરાવવાની જરૂર છે. અને જો સરકાર છૂટ આપે તો પ્રજા અને વેપારીઓએ, નોકરીયાતોએ સ્વયંભૂ સંપૂર્ણ રીતે ઘરમાં રહીને કોરોનાને હરાવવો પડશે. અન્યથા અમદાવાદ અને ગુજરાત ને ભારતમાં મૃત્યુનું તાંડવ નિશ્ચિત છે.

કોરોનાનો આટલો બધો મહવિસ્ફોટ થવાનું બીજું એક કારણ આ શ્રમિકોનું સ્થળાંતર પણ છે. મને એ નથી સમજાતું કે સરકારે આ નિર્ણય છેક આવા સમયે કેમ લીધો ? આ નિર્ણયને બદલે જે મજૂરો જે કોઈ કંપની કે ફેકટરીમાં કામ કરે છે તેઓને જે તે રાજ્યની સરકાર દ્વારા સૂચના આપી બે ચાર મહિના સંપૂર્ણ રીતે રહેવા જમવાની વ્યવસ્થા કરાવી હોત, અને આ સ્થળાંતર અટકાવ્યું હોત તો લાખો લોક સંક્રમિત થતા બચી જાત. કેમ કે શ્રમિકો તો ઘેર જવા એટલે ઈચ્છતા હતા કે અહીં તેમની કોઈ વ્યવસ્થા નહોથી. કંપની કે ફેકટરીના માલિકોએ કામ વિના પગાર આપવાની ના પાડી દીધી હતી, મકાન માલિકો ઘરનું ભાડું માંગતા હોય, રૂપિયાની કોઈ બચત હોય નહી. પછી અહીં રહીને કરે શું ? જો પાંચ દસ રાજ્યોએ આવા શ્રમિકોને સાચવી લીધા હોત તો આજે પરિણામ કંઈક જૂદું હોત. હા, થોડા ઘણા શ્રમિકો ક્યાંક સચવાયા છે પણ કોઈપણ જાતના પ્લાન વિના આવી પડેલી વિપદાની જેમ. પહેલા જ લોકડાઉન દરમિયાન દરેક રાજ્ય સરકારો પોતાના રાજ્યોના ઉદ્યોગપતિઓને આ મજૂરો સાચવવાની સુચના અને જરૂરી ફંડ આપ્યું હોત તો કદાચ આ સંક્રમણ રોકી શકાયું હોત.

બીજો એક સૌથી મોટો પ્રશ્ન હતો વ્યવસ્થાનો. સરકારના હુકમો ઉપરથી તો છૂટી જાય છે પણ નીચે એનો અમલ એટલી નિષ્ઠાથી થતો નથી. જેનો અનુભવ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તથા અન્ય જગ્યાએ અનેક લોકોને થયો છે. તો આવા સમયે કામ કરાવવાની જે પદ્ધતિ હોવી જોઈએ એના વિશે પણ ઉચ્ચ અધિકારીઓએ વિચારવું જોઈએ.

છેલ્લા ત્રણેક મહિનાથી કોરોનાના દર્દીઓની સારવાર કરતા ડ્રોકટર કે નર્સનું કોરોનાના સંક્રમણથી જો મૃત્યુ થાય તો સરકારે એના પરિવારમાંથી કોઈ એકને સરકારી નોકરી આપવાની જાહેરાત કરવી જોઈએ. જેનાથી સૌ ડ્રોકટર્સ ને નર્સ પુરી નિષ્ઠાથી કામ કરશે. તેમને પરિવારની ચિંતા નહીં રહે. માત્ર હેલિકોપ્ટરમાંથી ફૂલો વરસાવી કે થાળી વગાડી કે દીવા પ્રગટાવીને સન્માન કરવાથી જોઈએ તેવું પરિણામ નથી મળવાનું. તેમના પરિવારને સુરક્ષા આપવામાં આવશે તો બધા જ ડ્રોકટર્સ ને નર્સ ઉત્સાહથી કામ કરશે. અસંખ્ય જગ્યાએ ફિક્સ પગારથી કામ કરતા કોરોના વોરિયર્સ નર્સ કે હોમગાર્ડ્સમાં પણ નિષ્ઠાનો અભાવ હશે જ. એમના માટે પણ કંઈક પેકેજ જાહેર કરવું જરૂરી છે.

જો આ જુન મહિનો અત્યંત કડક રીતે કન્ટ્રોલ નહીં કરવામાં આવે તો જુલાઈ – ઓગષ્ટમાં ભારત અમેરિકા કરતા પણ આગળ હશે. અને મૃત્યુનો આંક લાખોની સંખ્યામાં હશે. એવું અત્યારની પરિસ્થિતિ જોતા લગે છે.

સે નો ટુ ટોબેકો : મુશ્કિલ છે પણ નામુમકીન નહીં!

રગળપાટ

અજય ઉપાધ્યાય

હમણાં લોકડાઉન ૪.૦ જાહેર થયું તેમાં ઘણીબધી છૂટછાટો અમલમાં મુકાઈ. લોકોની સુવિધા અને સગવડતા માટે અને ઘણા દિવસોથી ઘરમાં બેસેલા કે કામધંધા વગરના લોકોની જીંદગીની ગાડી ફરી પાટે ચડે એ માટે કરિયાણા - દૂધ - મેડિકલ સિવાયની દુકાનો પણ ખોલવાની છૂટ અપાઈ. બીજે બધે તો સમજ્યા પણ સૌથી વધુ લાઈનો ક્યાં લાગી ખબર છે ? પાન-મસાલાની દુકાને ! જી હા ટીવી ની સ્ક્રીનો અને વર્તમાનપત્રોના પાનાઓ ગામેગામના તમાકુ રસિયાઓના આ ભગીરથ પ્રયત્નોની તસ્વીરોથી છલકાઈ ઉઠ્યા. ટીવી રિપોર્ટર સામે એક બુઝુર્ગ ફરમાવી રહ્યા હતા " ૪૦-૪૦ દિવસથી અમે તમાકુનો એક દાણો પણ પેટમાં નથી નાખ્યો.... દી કેમ કાઢ્યા છે એ તમને નૈ હમજાઈ !!' 'તો બીજી એક ચેનલના રિપોર્ટર સામે એક તમાકુપ્રેમી આમ વ્યથા ઠાલવી રહ્યો હતો ' સરકારે દવા-દૂધની જેમ જ તમાકુ ની છૂટ આપવી જોઈએ' અરે એટલું જ નહીં પણ માનનીય ધારાસભ્ય પણ પોકારી ઉઠ્યા કે ' માવા ની છૂટ તો આપવી જોઈએ' તો આપણાં સંવેદનશીલ મુખ્યમંત્રી પણ એક મુલાકાતમાં બોલી ઉઠ્યા કે ' માવા - બીડીવાા ક્યાથી ઝૂગાડ કરી લે છે એ પણ ખબર છે'

દેશી ભાષામાં કહે ને કે ' નાયડું તૂટે ' કઈક એવું જ છે તમાકુના બંધાણ અને એના બંધાણીઓનું. લોકડાઉનની જ વાત આગળ વધારીએ તો સ્વાભાવિકપણે લોકડાઉનમાં દુકાનો – ગલ્લા બંધ હતા તો વ્યસનીઓ શું કરવું ? એટ્લે શરૂ થયા કાળાબઝાર અને એક ગુટખાની પડીકી પાંચ રૂપિયાની જગ્યાએ ૨૦, એક બીડીની ઝૂડી ૧૦ ની જગ્યાએ ૫૦-૬૦ કે એક માવો –મસાલો-ફાકી ૧૦ ની જગ્યાએ ડબલ કે ત્રબલ ભાવે વેચાવા માંડી. હવે તમે એમ ના સમજતા કે આટલી મોંઘી ચીજો કોણ ખરીદે ? પણ શું છે કે વ્યસન ચીઝ એવી છે કે આવા ઊંચા ભાવમાં પણ આ બધુ વેચાતું હતું. પોલીસના દરોડાની વિગતો વાંચીએ ત્યારે સમજાય કે વ્યસનીઓ જબરા લૂંટાયા..!!! તલપ બુઝાવવા ક્યાક ડ્રોનથી મસાલાની ડીલેવરી નો ઝૂગાડ પણ જોવા મળ્યો..!! હા ઘણાને લોકડાઉન આ વ્યસનની બાબતમાં ફળ્યું પણ છે. અનેકો દિવસો સુધી બહાર નીકળવા ના મળ્યું અને ઉપરથી ગલ્લાઓ-દુકાનો બંધ તો થયું એવું કે ઘણાબધાનું વર્ષો જૂનું પાન-બીડી-મસાલા-ગુટકાનું વ્યસન (મજબૂરી તો મજબૂરીમાં) સમૂળગુ છૂટી જ ગયું. (આ લખનાર પણ એમાના એક છે – ભલે બહુ હાર્ડ એન્ડ ફાસ્ટ વ્યસન નહોતું પણ હતું ખરું જે આ લોકડાઉનના પ્રતાપે છૂટી ગયું – હાલ પૂરતું તો) !!

ટીવી કેમેરા સામે એક ભાઈ કહી રહ્યા હતા કે " વ્યસન છૂટયા પછી આઈ એમ ફિલિંગ હેલ્થી એન્ડ વેરી ગુડ ". પણ હકીકત એ છે કે આવા જૂજ અપવાદો બાદ કરતાં દુનિયાભરમાં તમાકુ અને એની બનાવટોનો વેપાર દિવસે ને દિવસે વધતો જાય છે અને એટલું જ નહીં પણ એના લીધે દિવસે ને દિવસે એના પ્રતાપે થતાં મોતો પણ વધતાં જાય છે. ટોકીઝમાં ફિલ્મ શરૂ થતાં પહેલા આવતો મુકેશ અને એની કરૂણ કથનીની બહુ ઓછી અસર વ્યસનીઓ પર થાય છે. આજે ' વર્લ્ડ નો ટોબેકો ડે ' છે. દર વર્ષની ૩૧ મે એ આખી દુનિયા તમાકુ નિષેધ દિવસ તરીકે ઉજવે છે. તમાકુ છોડવાની વિવિધ શક્યતાઓ, તેની ગંભીર અસરો અને તેનાથી સામાજિક વ્યવસ્થા તેમજ આર્થિક રીતે થતી પાયમાલીઓ પર પ્રકાશ પાડવામાં આવે છે. લોકોને સાવચેત કરવામાં આવે છે, એની ખરાબ અસરો વિષે જાગૃત કરવામાં આવે છે. જો કે આ કાર્ય તો આખુએ વર્ષ ચાલતું જ રહેતું હોય છે.

પણ હકીકત એ છે કે દુનિયાના અથાગ પ્રયત્નો છતાં પણ વિશ્વમાં તમાકુની ખપત અને વ્યસનીઓની સંખ્યામાં કોઈ ધરખમ ઘટાડો જોવા મળતો નથી. વિશ્વમાં તમાકુનું ચલણ લગભગ ઈસવીસન પૂર્વે ૩૦૦૦ થી